અપીલ અરજી નં.૩૬૪ તા.૩–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળા:– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન,ઈન્ડોર સ્ટેડીયમ)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૦–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) નવરાત્રી ઉત્સવ અંગેના ઈન્ડોર સ્ટેડિયમના ઈજારદાર પદમાવતી ઈન્ટરનેશનલની પ્રાઈસ બીડ રૂ.૫૭.૨૨લાખની હોય પરંતુ ટેકનીકલ ટેન્ડરમાં જ ચેક રહી ગયો હોવાથી કુદરતી ન્યાયનાં સિધ્ધાંત અનુસાર પ્રથમ તક તેને નહિ આપી અને સ્થાયી સમિતિનાં અધ્યક્ષશ્રી , મેયરશ્રી અને મે.કમિશનરશ્રીએ ઉધના વોર્ડનાં ભાજપ પ્રમુખ શૈલેષ શુકલનાં પુત્રને રૂ.૫૫.૮૮લાખમાં આપી સુરત મહાનગર સેવા સદનને રૂ.૧.૩૪લાખની ખોટ કરાવવા અંગેની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૪/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૦–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) નવરાત્રી ઉત્સવ અંગેના ઈન્ડોર સ્ટેડિયમના ઈજારદાર પદમાવતી ઈન્ટરનેશનલની પ્રાઈસ બીડ રૂ.૫૭.૨૨લાખની હોય પરંતુ ટેકનીકલ ટેન્ડરમાં જ ચેક રહી ગયો હોવાથી કુદરતી ન્યાયનાં સિધ્ધાંત અનુસાર પ્રથમ તક તેને નહિ આપી અને સ્થાયી સમિતિનાં અધ્યક્ષશ્રી , મેયરશ્રી અને મે.કમિશનરશ્રીએ ઉધના વોર્ડનાં ભાજપ પ્રમુખ શૈલેષ શુકલનાં પુત્રને રૂ.૫૫.૮૮લાખમાં આપી સુરત મહાનગર સેવા સદનને રૂ.૧.૩૪લાખની ખોટ કરાવવા અંગેની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં. /૧૨૫૦ તા. ૧૧–૧૦–૧૧થી ફકત મુદ્દા (૪)માંથી એક મુદ્દાનો અયોગ્ય જવાબ આપેલ હોય અને બાકીનાં મુદ્દાનાં જવાબ કે માહિતી આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વિષય–વસ્તુ અંગે દફતરી માહિતી નકલ સહ સ્પષ્ટ કરવા તથા જાહેર માહિતી અધિકારી અને નોર્થ ઝોનને મુદ્દા નં.(૩) અંગે જવાબદારીની વિગતો પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૫૬ તા.૧૨–૧૧–૧૧ થી** કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન,ઈન્ડોર સ્ટેડીયમ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) , ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ) તથા અરજદારને ખોટી અને ગેરમાર્ગે દોરતી માહિતીના દાવા અંગે જાહરે માહિતી અધિકારીના પ્રત્યુત્તર બાદ આધાર સહ રજુઆત સ્પષ્ટ કરવા તથા વધુમાં તેમની અરજીનો મુદ્દા નં.–૩ ધારણા આધારિત જણાય છે છતાં તેના દાવાના આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૭૭૭ તા.૨૧–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૯૪ તા.૨૧–૯–૧૧ થી મેનેજર ઈન્ડોર સ્ટેડિયમ અને કાર્યપાલક ઈજનેર તમામઝોન અને ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૬૧૧ તા.૨૯–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આટીઆઈ/આ.નં.૪૯૨ તા.૩૦–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોનની તબદીલ અરજીની નકલ, પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં. ૪૯૨ તા.૨૮–૯–૧૧ થી કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને સંપૂર્ણ તબદીલ કરેલ પત્રની નકલ, પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ / આ.નં.૪૯૨ તા.૧૭–૧૦–૧૧ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે મેનેજર ઈન્ડોર સ્ટેડિયમ તરફથી તેમના પત્ર નં. ૩ તા.૭–૧૨–૧૧ થી પૂરક વિગતો મોકલેલ છે જેની સાથે ટેન્ડરની શરતોની નકલ પણ મોકલેલ છે. જયારે અન્ય જાહેર માહિતી અધિકારીઓ તરફથી અત્રેના

વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૯–૧૧–૧૧થી વિગતોમાં પૂરક પત્ર મળેલ છે.

અરજદારની તા. ૨૦–૯–૧૧ ની અરજીથી નવરાત્રી ઉત્સવ ઈન્ડોર સ્ટડિયમના ટેન્ડર બીડ કુબેરનગર અને ટીપી ૨૫, ૩૫૪૯ ના બાંધકામ બાબતેની માહિતી માંગતી અરજી સેંક્રેટરી/કતારગામઝોનલ અધિકારીને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૯૪ તા.૨૧–૯–૧૧ થી મેનેજર ઈન્ડોર સ્ટેડિયમ અને કાર્યપાલક ઈજનેર તમામઝોન અને ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૭૪૩ તા.૨૬–૯–૧૧ થી જાહેર માહિતી અધિકારી ઈન્ડોર સ્ટેડિયમને તબદીલ કરવામાં આવેલ. જે અંગે વરાછાઝોન તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૯૨ તા.૨૮–૯–૧૧ થી જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને તબદીલ કરવામાં આવેલ. જયારે નગર નિયોજક શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૭૨ તા.૨૮–૯–૧૧ થી કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઈન્ડોર સ્ટેડિયમ અને અઠવાઝોન તરફથી પત્ર નં.ઈન્ડોર સ્ટે./આરટીઆઈ/જાવક/૦૨ તા.૨૭–૯–૧૧ થી અરજદારને નિયત સમય અવધિમાં માહિતી પૂરી પાડવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૬૧૧ તા.૨૯–૯–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી પૂરી પાડવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૫૦ તા.૧૧–૧૦–૧૧ થી અરજદારને નિયત સમય અવધિમાં માહિતી પૂરી પાડવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૯૨ તા.૧૭–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) નવરાત્રી ઉત્સવ અંગેના ઈન્ડોર સ્ટેડિયમના ઈજારદાર પદમાવતી ઈન્ટરનેશનલની પ્રાઈસ બીડ રૂ.૫૭.૨૨ લાખની હોય પરંતુ ટેકનીકલ ટેન્ડરમાં જ ચેક રહી ગયો હોવાથી કુદરતી ન્યાયનાં સિધ્ધાંત અનુસાર પ્રથમ તક તેને નહિ આપી અને સ્થાયી સમિતિનાં અધ્યક્ષશ્રી , મેયરશ્રી અને મે.કમિશ્નરશ્રીએ ઉધના વોર્ડનાં ભાજપ પ્રમુખ શૈલેષ શુકલનાં પુત્રને રૂ.૫૫.૮૮લાખમાં આપી સુરત મહાનગર સેવા સદનને રૂ.૧.૩૪ લાખની ખોટ કરાવવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઈન્ડોર સ્ટેડિયમ અને અઠવાઝોન તરફથી પત્ર નં.ઈન્ડોર સ્ટે./આરટીઆઈ/૦૨ તા.૨૭–૯–૧૧ થી નિયત સમય અવધિમાં ચાલુ વર્ષે નવરાત્રી દરમ્યાન રાસ–ગરબાના કાર્યક્રમનું વ્યાવસાયિક ધોરણે આયોજન કરવા હેતુ પંડિત દિન દયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમની ટેન્ડર પધ્ધતિથી ફાળવણી કરવાના કામે ટેન્ડરની શરતો મુજબ સદર કામે બાનાની રકમ (ઈ.એમ.ડી.) ટેન્ડરના ટેકનીકલ બીડ સાથે રજૂ કરવાની રહે છે. અને ટેકનીકલ બીડ સાથે બાનાની રકમ રજૂ કરેલ ન હોય તેવા કિસ્સામાં ટેન્ડરના પ્રાઈઝ બીડ ખોલવાના રહેતા નથી. તેવું જણાવેલ છે. ઉપરોકત કામે મંગાવવામાં આવેલ ટેન્ડરોના ટેકનીકલ બીડ ગત તા.૩–૯–૧૧ ના રોજ ટેન્ડરોની ઉપસ્થિતિમાં ખોલવામાં આવતાં ટેન્ડર શરત મુજબની બાનાની રકમ ટેન્ડર મે. પદમાવતી ઈન્ટરનેશનલ, સુરત ધ્વારા તેઓના ટેકનીકલ બીડ સાથે રજૂ કરવામાં આવેલ ન હોય, તેઓના પ્રાઈસ બીડ ખોલવામાં આવેલ ન હતાં. તેવું જણાવેલ છે. અરજદારે મુદ્દા નં.૨ ના પ્રત્યુત્તર અંગે સેક્રેટરીએ આપવા જણાવેલ છે જે અંગે લાગત જાહેર માહિતી અધિકારીએ જવાબ કરેલ છે માહિતી કયા અધિકારીએ આપવી તે અંગેની કાયદાની જોગવાઈ મુજબ માહિતીનું વિષય વસ્તુ જે સત્તા મંડળ કે જાહેર માહિતી અધિકારીના કાર્યક્ષેત્રને વધુ સ્પર્શતું હોય તેમણે માહિતી આપવાની રહે. જે યોગ્ય છે. સેક્રેટરી બાબતેના પ્રશ્ન બાબતે અપીલ અધિકારી સેક્રેટરીને કરવાની રહે છે. મુદ્દા નં.(૨) કુબેરનગર સોસા.ના ટીપી નં.૩, ફા.પ્લોટ નં.૪૪૦ નંબર પૈકી પ્લોટ નં.૫૫ થી ૫૯ માં ગ્રાઉન્ડ હેતુ ફેર કરી કુલ ૬૨ દુકાનોનું બાંધકામ બાંધકામ પ્લાનની આડમાં કરેલ. જેનું મેગા ડીમોલીશન ભાજપના કોર્પોરેટરનો વ્યવહાર માંગવા મુજબનો ન થવાથી ફકત અરજીથી જ ભાજપ કોર્પોરેટર સદર મિલ્કતનું ડીમોલીશન કરાવ્યુ હોય તે ભાજપ કોર્પોરેટરના નામની તથા નોર્થઝોન કચેરીના કાર્યપાલકશ્રીની અને ઈજનેરી અધિકારીની હકુમત હેઠળ સદર ડીમોલીશન વિસ્તાર ગેરકાયદેસર મિલ્કત બાંધેલ હતી તે અધિકારીઓના નામ કર્મચારી નંબર સહિતની માહિતીની નકલ. મુદ્દા નં.(૩) ફકત ભાજપ કોર્પોરેટરની એક જ અરજીથી મેગા ડીમોલીશન થતું હોય તે ભાજપ કોર્પોરેટરથી ગેરકાયદેસર મિલ્કતો પણ સહી સલામત બંધાતી જ હશે, બંધાય ગયેલ પણ છે જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૫૦ તા.૧૧–૧૦–૧૧ થી ભાજપ કોર્પોરેટરોથી ગેરકાયદેસર મિલ્કતો બંધાઈ ગયાની વિગતો ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ પર નથી. તેવું જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૬૧૧ તા.૨૯–૯–૧૧ થી અરજીથી માંગવામાં આવેલી માહિતી પશ્ચિમઝોન કચેરીએ ઉપલબ્ધ ન હોય માહિતી "નીલ" છે. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં મુદ્દા નં.૩ ની માહિતી સેન્ટ્રોલઝોનના કાર્યક્ષેત્રમાં આવતી ન હોવાનો જણાવેલ છે. પરંતુ અરજદારે મુદ્દા નં.૩ માં કોઈ પણ કોર્પોરેટરના નામ કે વિસ્તાર સિવાય સંદિગ્ધ માહિતી માંગવામાં આવેલ છે. આથી દરેક ઝોનના વિસ્તાર મુજબ સેન્ટ્રલઝોન તથા રાંદેરઝોનને તેમની દફતરી હકીકતલક્ષી માહિતી આપેલ છે. પરંતુ અરજદારે મુદ્દા નં.૩ નો સંદર્ભ મુદ્દા નં.૨ સાથે સંકળાયેલ હોય તેથી એક જ મુદ્દામાં આવરી લીધેલ નથી. આમ અપીલમાં અરજદારે કરેલ સ્પષ્ટતા અનુસાર અરજદારને મુદ્દા નં.૩ નો જવાબ ફકત કતારગામઝોન પૂરતો જ કરવાનો રહે છે. મુદ્દા નં.(૪) ટીપી નં.૨૫, સર્વે નં.૪૮ નું બાંધકામ ગેરકાયદેસર હોય જે અંગેની માહિતીની નકલ. ટીપી નં.૪૯ મગનનગર પ્લોટ નં.૯,૧૦,૧૬૧,૧૬૨ ના ગેરકાયદેસર બાંધકામની માહિતીની નકલ. ટીપી નં.૩૫ સર્વે નં.૨૮/૧ પ્લોટ નં.૧૦ ની જમીન નવી શરતની હોવા છતાં બાંધકામની પરવાનગી વગર (આમ પણ નવી શરતમાં મળી શકે જ નહીં) જેની બાંધકામ અંગેની માહિતીની નકલ. સર્વે નં.૫૬/૧, ૫૬/૨, ૫૬/૩ ના બાંધકામ અંગેની માહિતીની નકલ આ બાંધકામ જેને નોર્થઝોનના ઈજનેરોના કાર્યક્ષેત્રમાં આવતા હોય જે ઈજનેરોના નામ, કર્મચારી નંબર, પોસ્ટ સહિતની માહિતીની નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૯૨ તા.૧૭–૧૦–૧૧ થી ડ્રાફટ ટીપી સ્કીમ નં.૨૫ (મોટા વરાછા) ના બ્લોક નં. તથા ફા.પ્લોટ નં મુજબ રેકર્ડ ઉપલબ્ધ છે. જેથી માંગેલ માહિતીના બ્લોક નં ફા.પ્લોટ નં મુજબની

વિગતો જણાવ્યેથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતી આપવામાં આવશે. તેવું જણાવેલ છે. ટીપી નં.૪૯ મગનનગર તથા ટીપી નં.૩૫ નોર્થઝોનના કાર્યક્ષેત્ર બાબત હેઠળની અને મુદ્દા નં.૨ (કુબેરનગર) ની માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પૂરી પડાયેલ જણાતી નથીકે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કબલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી. જયારે એ પણ ઉલ્લેખનીય છે કે મુદ્દા નં.૩ ની અરજદારે ધારણા આધારીત સંદિગ્ધ માહિતી માંગેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ અને ૪ ટીપી નં.૨૫, સર્વે નં. ૪૮ સિવાયની માહિતી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પૂરી પાડવામાં આવેલ ન હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ તે અંગેની દફતરી માહિતી અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

મુદ્દા નં.૪ અંગે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી અપાયેલ માહિતી અંગે બ્લોક નં.ફા.પ્લોટ નંબરની વિગતો આપી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. મુદ્દા નં.૩ માં અરજદારે ધારણા આધારીત સંદિગ્ધ માહિતી માંગેલ છે. અરજદાર સ્પષ્ટ વિગતો રજૂ કરી લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અલાયદી અરજી ધ્વારા માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન,ઈન્ડોર સ્ટેડીયમ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર